# રાજ્યના ૧૦ કલેક્ટરો સહિત ૨૪ સનદી અધિકારીઓ બદલાયા

## હજુ મોટાપાયે બદલીઓ થાય તેવી શક્યતા : આઈપીએસ અધિકારીઓનું પણ લિસ્ટ તૈયાર કરી લેવાયું

ગાંધીનગર, તા. ૨૫

રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગેઆજેમોડી સાંજે ૧૩ કલેક્ટર અને ૧૨ જિલ્લા વિકાસ અધિકારી તેમજ ૩ જેટલા સિનીયર અધિકારીઓની બદલીના હૂકમો જારી કર્યાછે. આજે કરાયેલા આ બદલીના હૂકમોમાં નાગરિક પુરવઠા વિભાગના અગ્ર સચિવ એસ.કે. દાસને ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્રસચિવ તરીકે મુકવામાં આવ્યા છે. જ્યારે તેમની જગ્યાએ અગ્ર સચિવ મહેસુલ (અપીલ) શ્રીમતી સંગીતાસિંહની નિમણૂંક કરવામાં આવી છે.

ગુડાના સી.ઈ.ઓ. તરીકે ફરજો બજાવતા એ.એમ. શર્માને ગીર-સોમનાથના ડીડીઓ તરીકે મુકવામાં આવ્યા છે. ગાંધીનગરના પૂર્વ મ્યુનિ. કમિશનર સી.આર. ખરસાણને અમદાવાદથી બદલી વલસાડ કલેક્ટર તરીકે, પૂર્વ અધિક નિવાસી કલેક્ટર એમ.ડી. મોડિયા જે હાલ આણંદ ડીડીઓ હતા તેમને બદલી મહીસાગર કલેક્ટર તરીકે મુકવામાં આવ્યા છે.

યુવક સેવા અને સાંસ્કૃતિક કમિશનર મનોજ દક્ષીણીને બદલી તાપીના ડીડીઓ તરીકે મુકવામાં આવ્યા છે જ્યારે તેમના સ્થાને કચ્છ કલેક્ટર તરીકે ફરજો બજાવતા એમ.એ. ગાંધીની નિમણુંક કરવામાં આવી છે.

ગાંધીનગરના પૂર્વ જિલ્લા વિકાસ અધિકારી અને હાલ નર્મદાના કલેક્ટર તરીકે ફરજો બજાવતા ભિમજીયાણીને બદલીને સ્પીપામાં મુકવામાં આવ્યા છે.

આજે કરાયેલા બદલીના હૂકમોમાં અમદાવાદમાં વિજયસિંહ વાઘેલા, અમરેલી એન.વાય. રાવ, અરવલ્લીમાં જે.ડી. દેસાઈ, મોરબીમાં ખટાણાને ડીડીઓ તરીકે મુકવામાં આવ્યા છે. જ્યારે પાટણ કલેક્ટર તરીકે આનંદ પટેલ, પંચમહાલ કલેક્ટર તરીકે લાંગા, વડોદરા કલેક્ટર તરીકે પી.ભારથી, અમરેલી કલેક્ટર તરીકે અમરાણી, મહિસાગર કલેક્ટર તરીકે મોડિયાને મુકવામાં આવેલ છે.

# સૌરાષ્ટ્રના ઘણા ભાગમાં કરા સાથે વરસાદ

## હવામાનમાં પલટો : રાજકોટ, અમરેલી, ગોંડલમાં કમોસમી વરસાદ : ધૂળની ડમરીઓ ઉડી અને વાવાઝોડા જેવું વાતાવરણ સર્જાઈ ગયું : કાલાવાડ તાલુકામાં પણ વરસાદ

અમદાવાદ, તા. ૨૫

સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના અનેક ભાગોમાં હવામાનમાં એકાએક જોરદાર પલટો આવ્યો હતો. હવામાનમાં પલટો આવ્યા બાદ સૌરાષ્ટ્રના અનેક ભાગોમાં કરા સાથે વરસાદ પડ્યો હતો. અમરેલી, રાજકોટ, ગોંડલમાં કમોસમી વરસાદ થયો હતો. વરસાદના કારણે વાતાવરણમાં ચોક્કસપણે ઠંડક પ્રસરી ગઈ હતી પરંતુ કમોસમી વરસાદના કારણે લોકોને ભારે આશ્ચર્ય થયું હતું. એક બાજુ સૌરાષ્ટ્રમાં તીવ્ર ગરમીનું મોજુ ફરી વળ્યું છેત્યારે આજે સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદ પડ્યો હતો. મળેલી માહિતી મુજબ કેટલાક જિલ્લામાં કરા સાથે વરસાદ પડ્યો હતો. વાવાઝોડા જેવા માહોલ સર્જાઈ ગયો હતો. કાલાવાડ તાલુકામાં કમોસમી વરસાદ થયો હતો. ભાડ, નાનુડી, ખોંભમાં વરસાદ થયો હતો. ગોંડલમાં કોલીથડ ગામમાં પણ વરસાદ થયો હતો. ગોંડલમાં હવામાનમાં એકાએક પલટો આવ્યો હતો. અમરેલી અને રાજકોટમાં કમોસમી વરસાદની સાથે સાથે ધૂળની ડમરીઓ ઉડી હતી. ગ્રામ્ય વિસ્તારોમાં ભારે વરસાદ થયો હતો. કરા સાથે વરસાદ કેટલાક જિલ્લાઓમાં પડ્યો હતો જેને લઈને ખેડૂત સમુદાયમાં પણ આશ્ચર્યનું મોજુ ફરી વળ્યું હતું. હાલમાં જ ગરમીનું પ્રમાણ ૪૪થી ઉપર પહોંચી ગયું હતું ત્યારબાદથી હવે ગરમીનું પ્રમાણ ઘટી રહ્યું છે પરંતુ એકાએક હવામાનમાં આજે પલટો આવ્યો હતો. ગરમી વચ્ચે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લોકોને રક્ષણ આપવા માટે ખાસ પગલા લેવામાં વ્યસ્ત છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં હાલમાં પારો ૪૫ની આસપાસ

પહોંચી ગયો હતો અને લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ગયા હતા. પરંતુ હવે પારો ગગડ્યો છે. તીવ્ર ગરમીના કારણે પેટમાં દુખાવા, ચક્કર આવવા, બેભાન થઈ જવાના બનાવોમાં વધારો થયો છે. વધુ પ્રમાણમાં પાણીનો ઉપયોગ કરવા માટે સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે. હવામાન વિભાગ તરફથી હિટવેવને લઈને કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ તંત્ર દ્વારા તમામ પગલા લેવાઈ રહ્યા છે.

# પ્રાંતિજના સીતવાડા ખાતે પીવાના પાણીની સમસ્યા

## બોરમાં પાણી ઓસરતા અને બોર ફેલ થતાં મહિલાઓ માથે બેડાં મુકી દૂર- દૂરથી પીવાનુ પાણી ભરી લાવે છે







પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના સીતવાડા મેળાજીમાં પીવાના પાણીના બોરમાં પાણી ઓસરાતા ગ્રામજનોને પીવાના પાણી માટે વલખાં મારવાં પડે છે અને બે થી ત્રણ કિલોમીટર પાણી ભરવા ગરમીમાં ખેતરોમાં બોર કૂવાઓ ઉપર જવું પડે છે.

સીતવાડા ખાતે ઉનાળાની કાળજાળ ગરમીમાં જ પીવાના પાણીનો બોર ફેલ જતાં હાલ તો પીવાના પાણીને લઈને ગ્રામજનોની હાલત કફોડી બની છે અને મહિલાઓને યંત્ર યુગમાં પણ બધુ ઘરકામ સહિતનુંબધુ કામ પડતુંમુકીને બે થી ત્રણ કિલોમીટર સુધી માથે બેડાં મુકીને ખેતરોમાં બોર કૂવાઓ ઉપરથી પાણી ભરી લાવવું પડે છે અને ઉનાળાની કાળઝાળ ગરમીજ પાણીની સમસ્યા ઉભી થતા હાલ તો ગ્રામજનો પાણી માટે પોકાર કરી રહ્યાં છે ત્યારે ગામના સરપંચ દ્વારા તથા તાલુકા સદસ્ય અને તાલુકા કારોબારી અધ્યક્ષ બેચરસિંહ રાઠોડ દ્વારા તાલુકા કક્ષાએ પણ તાલુકા પંચાયતમાં તાલુકા વિકાસ અધિકારી કાપડીયા સુધી રજુઆતો કરવામાં આવી છે. ત્યારે હાલ તો ગામજનોને ખરી ગરમીમાં જ પાણી માટે વલખાં મારે છે. ત્યારે પશુપાલકો પણ પાણીની સમસ્યાને લઈને ગામજનો પોતાના પશુઓ સહિતની ચિંતા જોવાં મલી રહી છે ત્યારે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# તાપીના મિરકોટ શાળાની દૂર્ઘટનામાં મૃતકના પરિવારોને ચાર લાખની સહાય

ગાંધીનગર, તા. ૨૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાના મિરકોટ ગામે પ્રાથમિક શાળાના ઓરડાની દિવાલ ધસી પડતાં બે બાળકો સહિત ત્રણ વ્યક્તિઓના થયેલા અપમૃત્યુ અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી દિલસોજી પાઠવી છે.

વિજયભાઈ રૂપાણીએ સંવેદનાસ્પર્શી અભિગમ દર્શાવીને આજે સવારે થયેલી આ દૂર્ઘટનામાં મધ્યાહન ભોજનના રસોઈયા બહેન અને શાળાના બે બાળકોના સ્થળ પર જ થયેલા મૃત્યુના કિસ્સામાં મૃતકોને રૂા.ચાર લાખની સહાય મુખ્યમંત્રી રાહતનિધિમાંથી નિયમાનુસારની સહાય આપવાની જાહેરાત પણ કરી છે.

મુખ્યમંત્રીએ આ દૂર્ઘટનાની તલસ્પર્શી ઉચ્ચસ્તરીય તપાસના આદેશો આપવા સાથે કસુરવારોને સખત નશ્યત કરવાની પણ તંત્રવાહકોને સૂચના આપી છે.

### જવાનોની શહીદી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સામે રણનીતિ ઉપર ફરી વિચારણા કરવામાં આવશે. ૮મી મેના દિવસે આ સંદર્ભમાં દિલ્હીમાં બેઠક બોલાવવામાં આવી છે જેમાં અનેક રાજ્યોના મુખ્યમંત્રી અને અધિકારીઓ સામેલ થશે. ઉગ્રવાદીઓની હરકતને કઠોર શબ્દોમાં વખોડી કાઢતા રાજનાથસિંહે કહ્યું હતું કે, નક્સલવાદીઓ વિકાસની ગતિને રોકવા માટેનું કામ કરી રહ્યા છે. તેઓ આદિવાસી વિસ્તારોના વિકાસ ઈચ્છતા નથી. ગૃહમંત્રીના કહેવા મુજબ ડાબેરીઓ ઉગ્રવાદી દેશના સૌથી મોટા દુશ્મન તરીકે છે. રાજનાથસિંહે પોતાના જવાબમાં નક્સલવાદીઓ માટે અનેક વખત લેપ્ટીસ્ટ ઉગ્રવાદી સંબોધનનો ઉપયોગ કર્યો છે. રમનસિંહે ખાતરી આપતા કહ્યું હતું કે, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે જોડાયેલા તમામ કામ યથાવતરીતે જારી રહેશે. ઉગ્રવાદીઓનો ખાત્મો બોલાવવા અને તેમની અસરને ઘટાડવા બીજા ઓપરેશન પણ ચલાવવામાં આવશે.

### મતગણતરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

જોરદાર સપાટો બોલાવ્યો હતો અને મોટા ભાગની બેઠક જીતી લીધી હતી. ભાજપને ૭૦ બેઠકો પૈકી માત્ર ત્રણ બેઠકો મળી હતી.જો કે હાલમાં પાંચ રાજ્યોમાં યોજાયેલી ચૂંટણી પૈકી એએપીનો કરૂણ રકાસ થયો હતો. એએપીને ગોવામાં પીછેહટનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે પંજાબમાં પણ અપેક્ષા કરતા તેનો દેખાવ નબળો રહ્યો હતો. જેથી પાર્ટીમાં નિરાશા ફેલાઈ ગઈ હતી. ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ સહિત પાંચ રાજ્યોમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ચાર રાજ્યોમાં ભાજપે શાનદાર દેખાવ કર્યા બાદ તથા પેટા ચૂંટણીમાં હાલમાં જ રાજૌરી ગાર્ડન ખાતે ભાજપે જીત મેળવી હતી. મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલના નેતૃત્વમાં દિલ્હીમાં હાલમાં આમ આદમી પાર્ટીની સરકાર છે.

### અંતે જામીન

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યું હતું કે, પુરોહિતે વર્ષ ૨૦૦૬માં સંગઠનની રચના કરીને સર્વિસ નિયમોનો ભંગ કર્યો હતો. આર્મી જવાન હોવા છતાં નિયમોનો ભંગ કરાયો હતો. તપાસ સંસ્થાએ એમ પણ કહ્યું હતું કે, પુરોહિત અને અન્ય આરોપીઓએ સંગઠન માટે મોટાપાયે નાણા એકત્રિત કર્યા હતા. એનઆઈએની એક ખાસ અદાલત દ્વારા સાધ્વી પ્રજ્ઞા અને કર્નલ પુરોહિતની જામીન અરજી નામંજુર કરી દીધી હતી. એનઆઈએની ખાસ અદાલતના ચુકાદા બાદ સાધ્વી અને કર્નલ પુરોહિત દ્વારા મુંબઈ હાઈકોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. હાઈકોર્ટ દ્વારા પુરોહિત દ્વારા દાખલ કરવામાં આવેલી જામીન અરજી પર ચુકાદો અનામત રાખ્યો હતો. અત્રે નોંધનીય છે કે સપ્ટેમ્બર ૨૦૦૮માં ઉત્તરીય મહારાષ્ટ્રના મુસ્લિમ બહુમતિવાળા વિસ્તાર માલેગાંવમાં સિરિયલ બોમ્બ બ્લાસ્ટ થયા હતા. જેમાં સાત લોકોના મોત થયા હતા. સેંકડો લોકો ઘાયલ થયા હતા.મુંબઈથી આશરે ૨૭૦ કિલોમીટરના અંતરે માલેગાવમાં મોટર સાયકલ પર બે બોંબ પ્લાન્ટ કરવામાં આવ્યા હતા. એ વર્ષે જ સાધ્વી પ્રજ્ઞાની ધરપકડ કરી લેવામાં આવી હતી. નવેમ્બરમાં પુરોહિતની ધરપકડ કરવામાં આવી હતી. વિસ્ફોટ મામલે આરડીએક્સ આપવા અને કાવતરા ઘડવાના મામલે પુરોહિતને નવેમ્બર ૨૦૦૮મા પકડી લેવામાં આવ્યા હતા. રાજ્ય એટીએસે આ મામલામાં ૧૨ લોકોની સામે ચાર્જશીટ દાખલ કરી હતી. અગાઉ જામીન અરજી દાખલ કરતી વેળા પુરોહિતે દાવો કર્યોહતો કે કેટલીક બાબતો તરફ ધ્યાન આપવામાં આવ્યુ ન હતુ.

# રાજ્યમાં શાળાઓની ફી નિર્ધારણ માટેના નિયમો આખરે જાહેર કરાયા

## નિયમોનો ભંગ કરનાર સામે દંડની જોગવાઈ : સ્વનિર્ભર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકની ફી નિર્ધારણ અંગેના નિયમો જાહેર થતાં નિયમો અમલી

અમદાવાદ, તા. ૨૫

રાજયની સ્વનિર્ભર પ્રાથમિક, માધ્યમિક, અને ઉચ્ચત્તર માધ્યમિકની ફી નક્કી કરવા માટેના એક્ટનું ગેઝેટ પ્રસિદ્ધ થયા બાદ હવે આ અંગેના કાયદાના નિયમોની પણ આજે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને શિક્ષણ રાજયમંત્રી નાનુભાઈ વાનાણીએ જાહેરાત કરતા હવે શિક્ષણ ફી સંબંધેનો એક્ટ અને તેના નિયમો અમલી બન્યા છે. આ નિયમો અંતર્ગત સ્વનિર્ભર શાળાઓએ પોતાની શાળાની ફી નિર્ધારણ કરવા માટે ફી નિયમન સમિતિ સમક્ષ નિયમાનુસાર કાર્યવાહી કરીને આગામી શૈક્ષણિક સત્ર માટે પોતાની ફી નિર્ધારિત કરવાની રહેશે. સેલ્ફ ફાયનાન્સ સ્કુલની ફી નક્કી કરવા માટે નક્કી કરાયેલ નિયમ અંતર્ગત શાળાએ પોતાની દરખાસ્ત ફોર્મ-૨માં તૈયાર કરીને સત્વરે ફી નિયમન સમિતિ સમક્ષ રજુ કરવાની રહેશે. આ વર્ષે દરખાસ્ત સાથે છેલ્લા બે વર્ષના ઓડીટ એકાઉન્ટસ તથા ચાલુ વર્ષના એકાઉન્ટ માટે ચાટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવાનું રહેશે. જે શાળાઓએ ફી નિર્ધારણ અંગેની આવી દરખાસ્ત ન કરી હોય કે અધુરી દરખાસ્ત રકી હોય તેવા કિસ્સામાં ફી નિર્ધારણ સમિતી સુઓમોટો વિચારણા કરશે. ફી નિર્ધારણ અંગેનો એક્ટ અને તેના નિયમો નક્કી કરીને રાજય સરકારે તેને પ્રસિદ્ધ કરી દીધા છે ત્યારે હવે આગામી શૈક્ષણિક સત્રથી તેના અમલ બાબતે વાલીઓ નિશ્ચિત રહે અને શાળા સંચાલકો તથા વાલીઓ હવે પરસ્પર સમજણથી કામ લે તેમ શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે.

ચુડાસમાએ જણાવ્યું હતું કે, આ નિયમોમાં ધી ગુજરાત સેલ્ફ ફાયનાન્સ સ્કુલના નિયમોમાં ફી નિયમન સમિતિ, ફી રિવીજન સમિતિ, તેમની કામગીરીની વિગતો અને શરતો, ફી નિયમન સમિતિની બેઠક, સ્વનિર્ભર શાળાઓએ ફી નક્કી કરવા માટે અનુસરવાની થતી પ્રક્રિયા ફી નક્કી કરવા માટે સમિતિ દ્વારા કરવાની થતી પ્રક્રિયા, ફી નિયમન સમિતિની સત્તાઓ, બેંક એકાઉન્ટ, રીવીઝન એપ્લીકેશન જેવા અનેક નિયમોનો સમાવેશ થાય છે.

### આર્મી કેમ્પ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભીષણ અથડામણમાં સીઆરપીએફના જવાનો ઘેરાઈ ગયા હતા. ખૂબ જ છુપી રીતે નકસલીઓએ આ હુમલો કર્યો હતો. નકસલવાદીઓ હાલમાં ભારે હચમચી ઉઠયા છે. જેથી તેમનામાં ફફડાટ ફેલાયેલો છે. બસ્તરમાં સેનાની છાવણી સ્થાપિત કરવાની માંગ હવે ઉઠી રહી છે. આ માંગણી પર ગંભીરરીતે વિચારણા કરવામાં આવી શકે છે. નક્સલવાદીઓ દ્વારા સોમવારના દિવસે સીઆરપીએફના કાફલા ઉપર હુમલો કરવામાં આવ્યા બાદ નક્સલવાદીઓ ઉપર બ્રેક મુકવા માટે જુદા જુદા પાસાઓ ઉપર ચર્ચા ચાલી રહી છે. જેના ભાગરુપે એક વ્યૂહરચના આર્મી સ્થાપિત કરવાની પણ છે. આર્મી કેમ્પ સ્થાપિત કરવાની સ્થિતિમાં નક્સલવાદીઓની ગતિવિધિ ઉપર બ્રેક મુકી શકાય છે. દેશના પૂર્વ ગૃહ સચિવ એલસી ગોયેલના કહેવા મુજબ સેનાની છાવણી સ્થાપિત કરવાની જરૂર ઉભી થઈ છે. પોતાના કાર્યકાળ દરમિયાન તેઓએ ૨૦૧૫માં આ પ્રકારનું સૂચન કર્યુ હતું. આ પ્રસ્તાવ મુજબ સેનાના નક્સલવાદીઓના ગઢમાં કોઈ સીધી ભૂમિકા રહેશે નહીં. સેનાની ઉપસ્થિતિ માત્ર નક્સલવાદીઓ ઉપર દબાણ લાવવા માટેની હોવી જોઈએ નહીં. આનાથી વિસ્તારના વિકાસના રસ્તા ખુલી જશે. સાથેસાથે કનેક્ટીવીટીમાં પણ સુધારો થશે. ગોયેલના કહેવા મુજબ ગૃહ સચિવ તરીકેના ગાળા દરમિયાન તેઓએ બસ્તરના અબુઝમાડમાં સેનાની છાવણી સ્થાપિત કરવાનું સૂચન કર્યુ હતું. પોતાના છેલ્લા ગઢને જાળવી રાખવાના હેતુસર હાલમાં નક્સલીઓ હુમલા કરી રહ્યા છે. આવી સ્થિતિમાં હવે આર્મી છાવણી સ્થાપિત કરવા સક્રિય રીતે વિચારણા કરવી જોઈએ. સેનાની ઉપસ્થિતિ નક્સલ પ્રભાવિત વિસ્તારમાં સુરક્ષાની સ્થિતિને સંપૂર્ણપણે બદલી દેશે.

### દર્દીઓ મળ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ વખતે પાત્રોમાંથી જે રીતે બ્રીડીંગ મળી રહ્યા છે તેને લઈ તંત્ર ચોંકી ઉઠ્યુ છે અને ગ્રામ્ય વિસ્તારમાં જળસંગ્રહના સાધનોની સ્વચ્છતા માટે તેમજ એબેટ માટે તંત્રએ કડક વલણ અખત્યાર કરવાનો નિર્ણય કર્યો હોવાનું જાણવા મળેલ છે.

## આ પણ વાંચીએ...

### વિમાનમાં બેઠા વિના હવે આકાશમાં ઉડી શકાશે



દરેક વ્યક્તિએ ક્યારેક ને ક્યારેક એવું સ્વપ્ન જરૂર જોયું હશે કે તે આકાશમાં ઉડી રહ્યો હોય. હવાઈયાત્રા દ્વારા આ સ્વપ્ન કેટલાકે પૂર્ણ પણ કરી હશે. પરંતુ હવે આકાશમાં એકલા જ ઉડવાનુ સ્વપ્ન પૂર્ણ કરી શકાશે. સિલિકોન વેલી હમણાં હમણાં 'ફ્લાઈંગ કાર' બનાવવામાં વ્યસ્ત છે. સ્ટાર્ટઅપ કંપની 'કીટી-હોક' આ સ્વપ્નને પૂર્ણ કરવાનો દાવો કર્યો છે. ૨૦૧૭ના અંત સુધી 'વ્યક્તિગત ફ્લાઈંગ' મશીનની ડિલિવરી શરૂ કરી દેશે.

### ૧૦૧ વર્ષની ભારતીય દોડવીરને સ્વર્ણ પદક



ભારતના ૧૦૧ વર્ષિય દોડવીર મહિલા માન કોરે ન્યુઝીલેન્ડના ઓકલેન્ડમાં વર્લ્ડ માસ્ટર્સ ગેમ્સમાં ૧૦૦ મીટર દોડમાં ભાગ લીધો હતો. તેમણે ૧૪ સેકન્ડમાં આ રેસ પૂર્ણ કરી હતી. ૯૩ વર્ષની ઉમંરે તેઓએ એથ્લેટીક્સમાં ભાગ લેવાનુ શરૂ કર્યુ હતુ. તેમના દિકરાએ તેમને ટ્રેનિંગ આપી છે. તેઓ અત્યાર સુધી માસ્ટર્સ ગેમ્સમાં ભાગ લઈ ૨૦ પદકો હાંસલ કરી ચૂક્યા છે.

# અમદાવાદમાં ૩૦મીએ ઔદિચ્ય બ્રહ્મસમાજનું મહાસંમેલન યોજાશે

અમદાવાદ, તા. ૨૫

શ્રી અખિલ ભારતીયવર્ષીય ઔદિચ્ય બ્રહ્મસમાજ દ્વારા જુન ૨૦૧૬થી ઉજવાઈ રહેલા સવા શતાબ્દી મહોત્સવના સમાપન નિમિત્તે તા. ૨૮ થી ૩૦ એપ્રિલ દરમિયાન ૩૩માં ત્રિદિવસીય મહાસંમેલનનું આયોજન અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યુંછે. શ્રી અખિલ ભારતીયવર્ષીય ઔદિચ્ય બ્રહ્મસમાજના ૩૩માં ત્રિદિવસીય મહાસંમેલનની શરૂઆત પરશુરામ જયંતિ અખાત્રીજને તા. ૨૮ એપ્રિલના રોજ સમગ્ર ગુજરાતમાં વસતાં બ્રાહ્મણોના ૭૧ બટુકોની નિઃશુલ્ક સમુહ યજ્ઞોપવિત અને ૫ સમુહ લગ્ન કરવામાં આવશે. તા. ૨૯ એપ્રિલના રોજ બ્રાહ્મણ યુવક યુવતીઓનું નિઃશુલ્ક જીવનસાથી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અંદાજે ૧૫૦૦થી વધારે યુવક યુવતિઓ ભાગ લેશે. જ્યારે ૩૦ એપ્રિલના રોજ સવારે ૯ કલાકે સમગ્ર ગુજરાતમાં વસતાં તમામ બ્રાહ્મણ જ્ઞાતિઓનું મહાસંમેલન યોજાશે. શ્રી અખિલ ભારતીયવર્ષીય ઔદિચ્ય બ્રહ્મસમાજના પ્રમુખ શૈલેષ શુક્લએ જણાવ્યું હતું કે, આ સંસ્થાની સ્થાપના ઈસ ૧૮૯૨માં કરવામાં આવી હતી. ૨૦૧૭માં અમારી સંસ્થાની સ્થાપનાના ૧૨૫ વર્ષ પુરા થતાં હોવાથી ગત વર્ષ જુન ૨૦૧૬થી સવા શતાબ્દિ મહોત્સવની ઉજવણી શરૂ કરવામાં આવી હતી.

# ભાજપ પ્રમુખ અમિત શાહ ૩ દિન માટે ગુજરાત પ્રવાસે

## ભારતીય સંસ્કૃતિની વિચારધારા ભાજપનું પ્રાણબળ છે, કાર્યકર્તા ચાલક બળે, કાર્યક્રમ સેવા શક્તિબળ : પંડ્યા

અમદાવાદ, તા. ૨૫

ભાજપ પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, દેશહિત અને જનહિત દ્વારા વસુદેવ કુટુમ્બકમની વિશ્વ એક પરિવારની કલ્યાણ ભાવના સાથેની ભારતીય સંસ્કૃતિની વિચારધારા એ ભાજપનું પ્રાણબળ છે. કાર્યકર્તાઓ ભાજપનું ચાલકબળ છે અને કાર્યક્રમોએ ભાજપનું સેવા શક્તિબળ છે. ચરૈવેતિ ચરૈવેતિના સેવામંત્ર સાથેની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની કાર્યપ્રણાલી અને કાર્યશૈલીના નેતૃત્વમાં કાર્યકર્તાઓ પ્રજાહિતના કાર્યો અને કાર્યક્રમો સતત કરતાં રહે છે અને તેનાથી ભાજપને પ્રજાનું વિશ્વાસ બળ પ્રાપ્ત થાય છે. રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ અને મુખ્યમંત્રી વિજય રૂપાણીની વિશેષ ઉપસ્થિતિમાં, પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં સોમનાથ ખાતે મળેલ ભાજપ પ્રદેશ કારોબારી બાદ મળેલ એક પ્રદેશ બેઠકમાં નક્કી થયેલ કાર્યક્રમોની માહિતી આપતા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય યોજના મુજબ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ૩ દિવસ માટે વિસ્તારક યોજનામાં ગુજરાતના પ્રવાસે આવશે. ગુજરાતના લગભગ ૪૭,૭૯૯ બુથમાં ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી સહિત સાંસદ સભ્યઓ, ધારાસભ્યઓ, ચૂંટાયેલા તમામ પ્રતિનિધીઓથી માંડીને સંગઠનના પ્રદેશથી માંડીને તાલુકા સ્તર સુધીના પદાધિકારીઓ બે તબકકામાં ૧૫ દિવસ માટે વિસ્તારક તરીકે જશે. ૩૦ એપ્રિલ સુધીમાં ૩૩ ગ્રામ્ય અને ૮ મહાનગર એમ કુલ ૪૧ જીલ્લામાં કારોબારી થશે. ૭ મે સુધીમાં ગ્રામ્ય તાલુકા, નગરપાલિકા અને મહાનગર પાલિકાના તમામ વોર્ડ મળીને ૫૮૩ મંડલ કારોબારી પૂર્ણ કરવામાં આવશે.

ગ્રામીણ વિસ્તારમાં તંત્રએ બે દિવસ દરમ્યાન ૧ લાખ જેટલા મકાનોને આવરી લીધા છે. આ માટે ૧૨૦૦થી પણ વધુ કર્મચારીઓ કામે લાગ્યા છે.

### મકાનો ખાલીખમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. ત્યારે નવા આવાસો તૈયાર થતા હજુ ત્રણ મહીના જેટલો સમય લાગે તેમ છે. ત્યારે સેકટરોમાં જુદી જુદી કેટેગરીના મકાનો રહેણાંકને લાયક હોવાછતા ખાલી હોવાનુ ધ્યાને આવ્યુ છે. જેના લીધે ખાલી મકાનો કયા કારણોથી ફાળવવામાં આવતા નથી તે મામલે પણ અનેક તર્ક વિતર્ક પણ ઉઠવા પામ્યા છે. સેકટર ૮ માં પણ રહેણાંકને લાયક મકાનો લાંબા સમયથી ખાલી જોવા મળી રહયા છે. ત્યારે આવાસોની માંગણી સંદર્ભે વધતી પ્રતિક્ષા યાદીને ધ્યાને લઈ ખાલી આવાસો મામલે તંત્ર દ્વારા સર્વે હાથ ધરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે. શહેરમાં એક સમયે આવાસોની સંખ્યા ૧૮ હજારથી વધુ હતી. પરંતુ નિકાલ હેઠળના મકાનો તોડી નંખાયા બાદ તંત્ર દ્વારા અન્ય જોખમી બ્લોક પણ તોડી નાખવામાં આવ્યા છે. ત્યારે આવાસોની સંખ્યા ઘટી છે. અને કર્મચારીઓ આવાસ વિના દુવિધા વેઠી રહયા છે. આવા સંજોગોમાં આવાસ મજબુતીકરણની યોજનાને વેગ આપવા સહીત ખાલી આવાસોની ફાળવણી કરવા માટે પણ આયોજન કરવુ અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે.